# સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકા

**બીજો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા,**
**સુરત–૩૯૫૦૦૩. ફોન નં. ઓ.(૦૨૬૧)૨૪૩૨૬૯૦, એક્ષ્ટે.નં.૪૧૪.**

RIGHT TO INFORMATION

નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૧૭/૨
તા.૧૧–૯–૨૦૧૭

**<u>પ્રથમ અપીલ ક્રમાંક: ૨૦૧૭–૧૮/૧</u>**

**<u>વિવાદી :–</u>**
શ્રી રાકેશભાઈ પાનસુરીયા,

**<u>વિરુધ્ધ</u>**

**<u>પ્રતિવાદી :–</u>** જા.મા.અ. અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસ, સુરત

**<u>વિષય:</u>** આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી રાકેશભાઈ પાનસુરીયાની તા.૨૯–૬–૨૦૧૭ ની અરજી આઈ.ડી. નં.૬૪૪ બાબત.

**<u>સંદર્ભ:</u>** વિવાદીશ્રીની અરજી તા૩૧–૭–૨૦૧૭ ની પ્રથમ અપીલ અરજી.

**<u>વંચાણમાં લીધું:</u>**

૧. અરજદારશ્રી રાકેશભાઈ પાનસુરીયાની તા.૨૯–૬–૨૦૧૭ની માહિતિનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળની જા.મા.અ.શ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અરજી આઈ.ડી. નં.૬૪૪. (નમુનો–ક)

૨. જા.મા.અ. અને ડે.ઈજનેરશ્રી(સીવીલ), હાઉસીંગ વિભાગનો તા.૧૨–૭–૧૭ નો પત્ર નં.હાઉસીંગ/RTI/આઉટ/નં.૩૨ (નમુનો–ઘ)(આંશિક તબદીલ)

૩. જા.મા.અ. અને અંગત મદદનીશ સેક્રેટરી ઓફિસનો તા.૧૭–૭–૧૭ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૭/૧૦૨

૪. અરજદારશ્રી રાકેશભાઈ પાનસુરીયાનો તા.૨૧–૭–૨૦૧૭ નો પત્ર(જા.મા.અ. અને અંગત મદદનીશ સેક્રેટરી ઓફિસને ઉદ્દેશી)

૫. જા.મા.અ. અને અંગત મદદનીશ સેક્રેટરી ઓફિસનો તા.૨૧–૭–૧૭ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૭/૧૦૬(નમુનો–ખ)

૬. જા.મા.અ. અને અંગત મદદનીશ સેક્રેટરી ઓફિસનો તા.૨૧–૭–૧૭ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૭/૧૦૭ (નમુનો–ગ)

૭. અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર, હાઉસીંગ વિભાગનો તા.૧૮–૮–૨૦૧૭ નો પત્ર ક્રમાંક નં.હાઉસીંગ/RTI/આઉટ/નં.૪૦ (નમૂનો–ઘ)

૮. પ્રથમ અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરીશ્રીનો તા.૨૩–૮–૨૦૧૭ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૧૭/૧

૯. જા.મા.અ. અને અંગત મદદનીશ સેક્રેટરી ઓફિસનો તા.૨૯–૮–૧૭ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૭/૧૨૮

૧૦.અરજદારશ્રી રાકેશભાઈ પાનસુરીયાનો તા.૨૯–૮–૨૦૧૭ નો પત્ર (પ્રથમ અપીલ અધિકારી અને સેક્રેટરીને ઉદ્દેશી)

**ફરીયાદની હકીકત :–**

આ કેસમાં ટૂંકમાં હકીકત એવા પ્રકારની છે કે, આ કામના વિવાદી/અરજદારશ્રી રાકેશભાઈ પાનસુરીયા, રહે.                                   તરફથી માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૬(૧) અને ગુજરાત માહિતીનો અધિકાર નિયમો, ૨૦૧૦ ના નિયમ–૩ (૧) હેઠળ તા.૨૯–૬–૨૦૧૭ ના રોજ જાહેર માહિતી અધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકા, મુગલીસરાને ઉદ્દેશીને અરજી કરેલ હતી જે આઈ.ડી.નં.૬૪૪ થી નોંધાયેલ હતી. સદર અરજી એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જા.મા.અ., નાગરીક સુવિધા કેન્દ્ર, મુગલીસરા ધ્વારા તા.૩૦–૬–૨૦૧૭ (નમુનો–ઘ) ના રોજ ડે.ઈજનેર અને જા.મા.અ., હાઈડ્રોલિક વિભાગને તબદીલ કરવામાં આવેલ. ત્યારબાદ પત્ર નં.એચઈડી/આઉટ/નં.૫૬, તા.૪–૭–૨૦૧૭ (નમુનો–ઘ) થી ડે.ઈજનેરશ્રી અને જા.મા.અ., હાઉસીંગ વિભાગને તબદીલ કરવામાં આવેલ જે ડે.ઈજનેરશ્રી (સિવિલ) અને જા.મા.અ. હાઉસીંગ વિભાગના તા.૧૨–૭–૨૦૧૭ ના પત્ર ક્રમાંક નં.હાઉસીંગ/RTI/આઉટ/નં.૩૨, (નમુનો–ઘ) થી જા.મા.અ., સેક્રેટરી વિભાગને આંશિક તબદીલ કરવામાં આવેલ.

સદર અરજીના સેક્રેટરી ઓફિસને લાગત બાબતેના મુદ્દા નં.૧૬ માટે જા.મા.અ. અને અંગત મદદનીશ ધ્વારા પત્ર નં. આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૭/૧૦૨ થી વિવાદીશ્રીને તા.૧૭–૭–૨૦૧૭ ના રોજ દફતરી ઉપલબ્ધ રેકર્ડ પરની માહિતીનું નિરીક્ષણ / સ્પષ્ટતા કરવા માટે તા.૨૧–૭–૨૦૧૭ ના રોજ સવારના ૧૧–૩૦ કલાકે રૂબરૂ હાજર રહેવા જણાવેલ. જે અન્વયે વિવાદીશ્રીએ રૂબરૂ હાજર રહી જાતનિરીક્ષણ કર્યા **<u>બાદ જા.મા.અ.ની રૂબરૂમાં લેખિત અરજી કરી દરખાસ્ત અને દરખાસ્તના સંદર્ભમાં થયેલ ઠરાવની નકલ તેમજ સ્ટેન્ડીંગ કમિટિના સભ્યોની નિમણુંકના ઠરાવની નકલ આપવા વિનંતી કરેલ. આ સિવાય સેક્રેટરી ઓફિસને લગતી બીજી કોઈ માહિતીની જરૂર નથી તેવું લેખિતમાં નિવેદન આપેલ છે</u>**. જેના સંદર્ભમાં પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૭/૧૦૬ (નમુનો–ખ) થી જરૂરી માહિતી/દસ્તાવેજોની માટેની નકલની જરૂરી ફી જમા કરાવવા અંગેનો પત્ર પાઠવેલ હતો. વિવાદીશ્રી ધ્વારા તા.૨૧–૭–૨૦૧૭ ના રોજ પત્રમાં જણાવેલ ફી/ચાર્જીસ જમા કરાવતા ઉકત દિવસે જ જા.મા.અ. ધ્વારા પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૭/૧૦૭ (નમુનો–ગ) થી વિવાદી/અરજદારશ્રીને સેક્રેટરી ઓફિસના ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી (પાના નંગ–૬) સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ છે.

સબબ, **તા.૩૧–૭–૧૭ ના રોજ પ્રથમ અપીલ વિવાદીશ્રીએ સેક્રેટરી ઓફિસના** જા.મા.અ.શ્રી સહદેવસિંહ એસ. ઝાલાના **તા.૧૭–૭–૧૭ (નંબર** RTI/**સેક્રેટરી/આઉટ/૨૦૧૭/ ૧૦૨)ના નિર્ણયથી નારાજ હોવાથી તેમજ વિગેરે કારણોસર** કરેલ છે.

સદર અપીલ, અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી, હાઉસીંગ વિભાગના **તા.૧૮–૮–૨૦૧૭ ના રોજના** પત્ર ક્રમાંક નં.હાઉસીંગ/RTI/આઉટ/નં.૪૦ (નમૂનો–ઘ) થી અપીલ અધિકારીશ્રી, સેક્રેટરી વિભાગ સહિત **કુલ–૩ અપીલ અધિકારીશ્રીઓને એક સાથે તબદીલ** કરવામાં આવેલ. **અત્રેની ઓફિસને તા.૧૯–૮–૧૭ ના રોજ પ્રથમ અપીલ મળેલ** છે.

પ્રથમ અપીલ અધિકારી અને સેક્રેટરીશ્રીએ તા.૨૩–૮–૨૦૧૭ ના પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૧૭/૧ થી તા.૨૯–૮–૨૦૧૭ ના રોજ બપોરે ૧૨–૦૦ કલાકે વિવાદીશ્રી રાકેશભાઈ પાનસુરીયા અને પ્રતિવાદી જા.મા.અ. અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસને ઉકત માહિતી માંગતી અરજી (આઈ.ડી.૬૪૪)ના અનુસંધાને કરેલ કાર્યવાહીની વિગતો સહિતનો પક્ષ રજુ કરવા અને રૂબરૂ હાજર રહેવા જણાવેલ. જે અન્વયે પ્રતિવાદી જા.મા.અ. અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસએ પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૭/૧૨૮ થી જરૂરી બિડાણોની સાબિતી સહ પોતાનો પક્ષ પુરાવાઓ સહિત રજુ કરેલ છે.

**તા.૨૯–૮–૨૦૧૭ ના રોજની સુનવણીમાં** વિવાદીશ્રી રાકેશભાઈ પાનસુરીયા મદદનીશ સાથે (બપોરે ૧૨–૨૦ કલાકે) તેમજ વિવાદી તરફે જા.મા.અ. અને અંગત મદદનીશ શ્રી સહદેવસિંહ એસ. ઝાલા હાજર રહેલ. સુનવણી દરમ્યાન પ્રતિવાદી તરફથી રજુ કરેલ પુર્તતા અહેવાલમાં જણાવેલ તમામ વિગતો સાબિતી સહ વિવાદી સમક્ષ રજુ કરેલ હતી તેમજ જા.મા.અ.શ્રીની રૂબરૂમાં વિવાદીશ્રી રાકેશભાઈ પાનસુરીયાની તા.૨૧–૭–૧૭ ના રોજની લેખિત માંગણી મુજબની માહિતી ઉકત દિને ફી ભરપાઈ કર્યેથી તા.૨૧–૭–૧૭ ના કચેરીના પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/ આઉટ/૨૦૧૭/૧૦૭ થી સમયમર્યાદામાં આપવામાં આવેલ છે જે તમામ પુરાવાઓ વિવાદીશ્રીએ ગ્રાહય રાખ્યા હતા અને અપીલની સુનાવણી દરમ્યાન વિવાદીશ્રીની ગેરસમજ દુર કરવામાં આવેલ હોવાથી વિવાદીશ્રી રાકેશભાઈ પાનસુરીયાએ પ્રથમ અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરીને ઉદ્દેશીને કરેલ લેખિત નિવેદન ધ્વારા સેક્રેટરી ઓફિસ પાસે કોઈપણ માહિતી મેળવવાની બાકી રહેતી નથી અને મળેલ માહિતી પ્રત્યે સંતોષ હોવાથી સેક્રેટરી ઓફિસને લાગુ પડતી બાબતે અપીલ અરજી **અપીલ દફતરે કરવા વિનંતી કરેલ છે.**

**વિવાદીશ્રીની મુળ અરજી, અપીલ અરજી  તેમજ આ કેસના ઉપલબ્ધ કાગળો, વાદીશ્રી/પ્રતિવાદીશ્રીએ કરેલ લેખિત તેમજ મૌખિક રજુઆતો/અરજી ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.**

## હુકમ

**" વિવાદીશ્રી રાકેશભાઈ પાનસુરીયાની તા.ર૯–૬–૧૭ની મૂળ અરજી (આઈ.ડી.૬૪૪) ના સેક્રેટરી ઓફિસને લાગુ પડતા મુદ્દા નં.૧૬ બાબતના તેઓશ્રીના તા.ર૧–૭–ર૦૧૭ ના પત્ર અન્વયે પ્રતિવાદી જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રી ધ્વારા પત્ર નં.આરટીઆઈ/સેક્રેટરી/આઉટ/ર૦૧૭/૧૦૭, તા.ર૧–૭–૧૭ થી પાઠવવામાં આવેલ પ્રર્ત્યુતર યથાયોગ્ય રાખવામાં આવે છે તેમજ રૂબરૂ સુનાવણી વખતે વિવાદીશ્રીની ગેરસમજ સંપુર્ણપણે દુર કરવામાં આવેલ હોય અને તેમની તા.ર૯–૮–૧૭ ના રોજની લેખિત માંગણી/રજુઆત ધ્યાને લેતા સેક્રેટરી ઓફિસે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકાને લાગુ પડતી બાબતો માટે જ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."**

તેમ છતાં, અરજદાર સદર હુકમથી નારાજ થયેલ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, સ્ટેટ લેવલ ઓફીસીસ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦(એ), ગાંધીનગર–૩૮ર૦૧૦ ખાતે દિન–૯૦ માં બીજી અપીલ કરી શકે છે.

**(સ્વાતી બી. દેસાઈ)**
**પ્રથમ અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરી**
**સુરત મહાનગરપાલિકા.**

---

**નકલ રવાના :–**

સા.ર.:– સેકશન ઓફિસરશ્રી, આર.ટી.આઈ. મધ્યસ્થ સેલ.
ન.ર. :– જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રી, સેક્રેટરી ઓફિસ પ્રતિ.... જાણ માટે.
ન.ર. :– અરજદારશ્રી રાકેશભાઈ પાનસુરીયા પ્રતિ.....જાણ સારૂ.

# સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકા
બીજો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા,
સુરત–૩૯૫૦૦૩. ફોન નં. ઓ.(૦૨૬૧)૨૪૩૨૬૯૦, એક્ષ્ટે.નં.૪૧૪.


નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૧૮/૪
તા.૨૯–૧–૨૦૧૮

**પ્રથમ અપીલ ક્રમાંક: ૨૦૧૭–૧૮/૩**

**વિવાદી :–**
શ્રી જૈસ્વાલ ભગતરામ પરશુરામ

**વિરુધ્ધ**

**પ્રતિવાદી :–** જા.મા.અ. અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસ, સુરત

**વિષય:**આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી જૈસ્વાલ ભગતરામ પરશુરામની તા.૨૫–૧૦–૨૦૧૭ ની અરજી આઈ.ડી.૯૪૧ બાબત.

**સંદર્ભ:** વિવાદીશ્રીની અરજી તા.૨૩–૧૧–૨૦૧૭ ની પ્રથમ અપીલ અરજી.

**વંચાણમાં લીધું:**

૧૧.અરજદારશ્રી જૈસ્વાલ ભગતરામ પરશુરામની તા.૨૫–૧૦–૨૦૧૭ની માહિતિનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળની મ્યુ.કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને ઈસ્ટ ઝોન ખાતે કરવામાં આવેલ અરજી આઈ.ડી. નં.૯૪૧(૫૦૦/૮૫૫૧)(નમુનો–ક)

૧૨.જા.મા.અ. અને પર્સોનેલ ઓફિસર, પૂર્વઝોનનો તા.૨૬–૧૦–૧૭ નો પત્ર નં.ઈસ્ટઝોન/આરટીઆઈસેલ/જાવક નં.૧૯૩૫ (નમુનો–ઘ)

૧૩.જા.મા.અ. અને અંગત મદદનીશ સેક્રેટરી ઓફિસનો તા.૩–૧૧–૧૭ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૭/૧૫૩(નમુનો–ખ)

૧૪.જા.મા.અ. અને અંગત મદદનીશ સેક્રેટરી ઓફિસનો તા.૮–૧૧–૧૭ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૭/૧૫૪(નમુનો–ગ)

૧૫.અરજદારશ્રી જૈસ્વાલ ભગતરામ પરશુરામની તા.૨૩–૧૧–૨૦૧૭ની મ્યુ.સેક્રેટરીશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને ઈસ્ટ ઝોન ખાતે કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી નં.EZ/RTI Cell/FAP No.98

૧૬.અપીલ અધિકારી અને આસી.કમિશ્નર,વરાછા ઝોનનો તા.૩૦–૧૧–૨૦૧૭ નો પત્ર નં. નં.ઈસ્ટઝોન/આરટીઆઈસેલ/જાવક નં.૨૦૭૮ (નમુનો–ઘ)

૧૭.પ્રથમ અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરીશ્રીનો તા.૧૪–૧૨–૨૦૧૭ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૧૭/૩

૧૮. જા.મા.અ. અને અંગત મદદનીશ સેક્રેટરી ઓફિસનો તા.૧૯–૧૨–૧૭ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૭/૧૮૨

૧૯.અરજદારશ્રી જૈસ્વાલ ભગતરામ પરશુરામનો તા.૨૦–૧૨–૨૦૧૭ નો પત્ર (પ્રથમ અપીલ અધિકારી અને સેક્રેટરીને ઉદ્દેશી)

<u>**ફરીયાદની હકીકત :–**</u>

આ કેસમાં ટૂંકમાં હકીકત એવા પ્રકારની છે કે, આ કામના વિવાદીશ્રી જૈસ્વાલ ભગતરામ પરશુરામ,

તરફથી માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૬(૧) અને ગુજરાત માહિતીનો અધિકાર નિયમો, ૨૦૧૦ ના નિયમ–૩ (૧) હેઠળ તા.૨૫–૧૦–૨૦૧૭ ના રોજ મ્યુ.કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને અરજી કરેલ હતી જે આઈ.ડી.નં.૯૪૧(૫૦૦/૮૫૫૧) થી નોંધાયેલ હતી. સદર અરજી જા.મા.અ.અને પર્સોનેલ ઓફિસર, પૂર્વ ઝોનના તા.૨૬–૧૦–૨૦૧૭ ના પત્ર નં.ઈસ્ટઝોન/આરટીઆઈસેલ/જાવક નં.૧૯૩૫(નમુનો–ઘ)થી જા.મા.અ. અને આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી વિભાગને તબદીલ કરવામાં આવેલ.

જા.મા.અ. અને અંગત મદદનીશશ્રીએ સદર અરજી મળ્યા બાદ <u>સમજી વિચારી પોતાની જાણકારી અને વિવેકબુધ્ધિથી અરજીની વિગત/વિષયને સુસંગત સેક્રેટરી ઓફિસના ઉપલબ્ધ રેકર્ડ આધારિત માહિતી</u> વિવાદીશ્રીને પુરી પાડવા માટે તા.૩–૧૧–૨૦૧૭ ના પત્ર નં.આર.ટી.આઈ./ સેક્રેટરી/આઉટ/૨૦૧૭/૧૫૩(નમુનો–ખ) થી માહિતી / દસ્તાવેજો માટેની નકલની ફી જમા કરાવવા અંગેનો પત્ર મોકલવામાં આવેલ, જેના અનુસંધાને વિવાદીશ્રીએ તા.૮–૧૧–૨૦૧૭ ના રોજ ફી જમા કરાવતા જા.મા.અ.શ્રી ધ્વારા તા.૮–૧૧–૧૭ ના પત્ર નં.આર.ટી.આઈ./ સેક્રેટરી/આઉટ/૨૦૧૭/૧૫૪(નમુનો–ગ) થી **સંપુર્ણ માહિતી** આપવામાં આવેલ હતી.

સબબ, વિવાદીશ્રી જૈસ્વાલ ભગતરામ પરશુરામએ તા.૨૩–૧૧–૨૦૧૭ના રોજ મ્યુ.સેક્રેટરીશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને ઈસ્ટ ઝોન ખાતે જા.મા.અશ્રી ધ્વારા તેઓને મળેલ માહિતી અધુરી આપેલ છે વિ. કારણોસર પ્રથમ અપીલ અરજી કરેલ છે.

સદર અપીલ અપીલ અધિકારી અને આસી.કમિશ્નર,વરાછા ઝોનના તા.૩૦–૧૧–૨૦૧૭ ના રોજના પત્ર નં.ઈસ્ટઝોન/આરટીઆઈસેલ/જાવક નં.૨૦૭૮ (નમુનો–ઘ) થી અપીલ અધિકારીશ્રી, સેક્રેટરી વિભાગને <u>**તબદીલ**</u> કરવામાં આવેલ. <u>**અત્રેની ઓફિસને તા.૧–૧૨–૧૭ ના રોજ પ્રથમ અપીલ મળેલ**</u> છે.

પ્રથમ અપીલ અધિકારી અને સેક્રેટરીશ્રીએ તા.૧૪–૧૨–૨૦૧૭ ના પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૧૭/૩ થી તા.૨૦–૧૨–૨૦૧૭ ના રોજ સવારે ૧૧–૩૦ કલાકે વિવાદીશ્રી અને પ્રતિવાદી જા.મા.અ. અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસને ઉકત માહિતી માંગતી અરજી (આઈ.ડી.૯૪૧)ના અનુસંધાને કરેલ કાર્યવાહીની વિગતો સહિતનો પક્ષ રજુ કરવા અને રૂબરૂ હાજર રહેવા જણાવેલ. જે અન્વયે પ્રતિવાદી જા.મા.અ. અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસએ પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૭/૧૮૨ થી જરૂરી બિડાણોની સાબિતી સહ પોતાનો પક્ષ પુરાવાઓ સહિત રજુ કરેલ છે.

**તા.૨૦–૧૨–૨૦૧૭ ના રોજની સુનાવણીમાં** વિવાદીશ્રી જૈસ્વાલ ભગતરામ પરશુરામ મદદનીશ સાથે તેમજ વિવાદી તરફે જા.મા.અ. અને અંગત મદદનીશ શ્રી સહદેવસિંહ એસ. ઝાલા હાજર રહેલ. સુનવણી દરમ્યાન પ્રતિવાદી તરફથી રજુ કરેલ પુર્તતા અહેવાલમાં જણાવેલ તમામ વિગતો સાબિતી સહ વિવાદી સમક્ષ રજુ કરેલ હતી તેમજ સુનવણી દરમ્યાન થયેલ ચર્ચા વિચારણા અન્વયે જે તમામ પુરાવાઓ વિવાદીશ્રીએ ગ્રાહય રાખ્યા હતા અને અપીલની સુનાવણી દરમ્યાન વિવાદીશ્રીની માંગવામાં આવેલ માહિતી બાબતેની ગેરસમજ દુર કરવામાં આવેલ હતી. સુનવણી દરમ્યાન વિવાદીશ્રીએ પ્રથમ અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરીને ઉદ્દેશીને લેખિત નિવેદન ધ્વારા જણાવેલ છે કે, તેમની ગેરસમજ દુર કરવામાં આવેલ છે મૂળ અરજી આઈ.ડી.નં.૯૪૧ ના સેક્રેટરી ઓફિસને લાગત સંપુર્ણ માહિતી જા.મા.અ. અને અંગત મદદનીશશ્રી, સેક્રેટરી ઓફિસ ધ્વારા તા.૮–૧૧–૨૦૧૭ ના પત્રનં. આર.ટી.આઈ./સેક્રેટરી/ આઉટ/૨૦૧૭/૧૫૪ અન્વયે સમય મર્યાદામાં મળી ગયેલ છે. જે કારણોસર પ્રથમ અપીલ અન્વયે સેક્રેટરી ઓફિસ પાસે કોઈપણ માહિતી મેળવવાની બાકી નથી અને મળેલ માહિતી પ્રત્યે મને સંતોષ છે જેથી સેક્રેટરી ઓફિસ બાબતેને લાગુ પડતી બાબતે અપીલ અરજી દફતરે **કરવા વિનંતી કરેલ છે.**

**વિવાદીશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ આ કેસના ઉપલબ્ધ કાગળો, વાદીશ્રી/પ્રતિવાદીશ્રીએ કરેલ લેખિત તેમજ મૌખિક રજુઆતો/અરજી ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.**

**હુકમ**

**" વિવાદીશ્રી જૈસ્વાલ ભગતરામ પરશુરામની તા.૨૫–૧૦–૧૭ની મૂળ અરજી (આઈ.ડી.૯૪૧) અન્વયે પ્રતિવાદી જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રી ધ્વારા પત્ર નં.આરટીઆઈ/સેક્રેટરી/આઉટ/૨૦૧૭/૧૫૪, તા.૮–૧૧–૧૭ થી પાઠવવામાં આવેલ પ્રત્યુતર યથાયોગ્ય રાખવામાં આવે છે તેમજ રૂબરૂ સુનાવણી વખતે વિવાદીશ્રીની ગેરસમજ સંપુર્ણપણે દુર કરવામાં આવેલ હોય અને તેમની તા.૨૦–૧૨–૧૭ ના રોજની લેખિત માંગણી/રજુઆત ધ્યાને લેતા સેક્રેટરી ઓફિસે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકાને લાગુ પડતી બાબતો માટે જ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."**

તેમ છતાં, અરજદાર સદર હુકમથી નારાજ થયેલ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, સ્ટેટ લેવલ ઓફીસીસ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦(એ), ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે દિન–૯૦ માં બીજી અપીલ કરી શકે છે.

**(સ્વાતી બી. દેસાઈ)**
**પ્રથમ અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરી**
**સુરત મહાનગરપાલિકા.**

---

<u>નકલ રવાના :–</u>

સા.ર.:– સેકશન ઓફિસરશ્રી, આર.ટી.આઈ. મધ્યસ્થ સેલ.

ન.ર. :– જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રી, સેક્રેટરી ઓફિસ

ન.ર. :– અરજદારશ્રી જૈસ્વાલ ભગતરામ પરશુરામ